જનસંપર્ક અધીકારી દ્વારા

પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર

ટેલીફોન નંબર   ૨૫૬૩૩૩૩૩

કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦        ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૧૧/૫/૨૦૧૫ સોમવાર

અમદાવાદ શહેર પોલીસ સમાચાર

નશાબંધી અને જુગારધારા હેઠળ ઝડપાયા :-    સમાચાર યાદી નં.૯૫૦/૧૫

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૪૧ કેસ કરી ૩૫ વ્યક્તિઓને ઝડપી, ૬૪ લીટર દેશી દારૂ, ૩૫ બોટલ ઇગ્લીશ દારૂ, ૦૧ બિયરટીન અને ૦૧ કાર કબજે કરી હતી. તેમજ જુગારધારા હેઠળ ૦૧ કેસ કરી ૦૧ વ્યક્તિને ઝડપી, રોકડ રૂપિયા ૬૮૭૦/- અને જુગારનાં સાધનો કબજે કર્યા હતા.

તકેદારીના પગલાં હેઠળ ઝડપાયાઃ-    સમાચાર યાદી નં.૯૫૧/૧૫

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલાં હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ કુલ ૮૯ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી. ૯૩ મુજબ ૦૫ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

સોનાનો દોરો ખેંચી તોડી લઈ ગયાઃ-    સમાચાર યાદી નં.૯૫૨/૧૫

રામોલ : શારદાબહેન ઝવેરભાઇ ભુડ(પટેલ)(રહે,પ્રભુભાઇ માસ્તરમાં મકાનમાં, સ્વામીનારાયણ મંદિરની પાછળ, ઝુંડાલ ગામ) એ રામોલ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૧૦/૫/૧૫ બપોરના ૨/૩૦ વાગ્યાના સુમારે શિવશંભુ સોસાયટી આગળ રોડ ઉપરથી પસાર થઈ રહ્યા હતા દરમ્યાન એક પલ્સર મોટર સાયકલ ઉપર આવેલ બે પુરૂષ (૨૫ થી ૩૦ વર્ષના આશરાનાં) શારદાબહેનના ગળામાંથી સોનાનો દોરો કિંમત રૂપિયા ૪૫,૦૦૦/- ખેંચી તોડી લઈ નાસી ગયા હતા. આ ગુનાની તપાસ પો.સ.ઈ. શ્રી એફ.એ.પારગી ચલાવે છે.

ઘરફોડઃ-    સમાચાર યાદી નં.૯૫૩/૧૫

મણીનગર : કિંજલબહેન પ્રશાંતભાઇ રાવલ (રહે, મમતાપાર્ક સોસાયટી, હિરાભાઇ કન્યા વિધાલય પાછળ, વલ્લભવાડી, મણીનગર) એ મણીનગર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૧૦/૫/૧૫ બપોરના ૧૨/૩૦ થી સાંજનાં ૫/૦૦ વાગ્યા દરમ્યાન પોતાના મકાનનાં ઉપરનાં માળેથી અજાણી વ્યક્તિ મકાનમાં પ્રવેશ કરી, બેડરૂમની તીજોરીમાંથી સોનાના દાગીના તથા કેમેરો કિંમત રૂપિયા ૫,૦૦૦/- મળી કુલ રૂપિયા ૧,૩૦,૦૦૦/- મતાની ચોરી કરી લઇ ગઇ છે. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી એમ.એમ.તેજોત ચલાવે છે.

જી.આઇ.ડી.સી.વટવા : સંજયભાઇ આશાભાઇ કટારીયા (રહે,નવી વસાહત, વિમલા સોસાયટીની ગલીમાં, જશોદાનગર, જી.આઇ.ડી.સી.વટવા) એ વટવા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૧૦/૫/૧૫ બપોરના ૧૨/00 થી ૩/00 વાગ્યા દરમ્યાન પોતાના મકાનનાં દરવાજાનું તાળુ તોડી, અજાણી વ્યક્તિ મકાનમાં પ્રવેશ કરી, મકાનમાંથી સોના-ચાંદીના દાગીના કુલ રૂપિયા ૭૪,૫00/- મતાની ચોરી કરી લઇ ગઇ છે. આ ગુનાની તપાસ પો.ઈ.શ્રી એસ.એમ.પટેલ ચલાવે છે.

<u>ચોરી :-</u> <u>સમાચાર યાદી નં.૯૫૪/૧૫</u>

વટવા : સેલ્વરાજ એલપ્પન રેડીયાર (રહે : ચેન્નસ્વોરહઇ, તા.મેટ્ટર, જી.સેલમ, તમીલનાડુ) એ તા.૧૩/૪/૧૫ નાં કલાક ૨/00 થી કલાક ૫/00 વાગ્યા દરમ્યાન ગોકુલેશ પેટ્રોલપંપ સામે પાર્ક કરેલ પોતાની ગાડીની તાડપત્રી કાપી, અજાણી વ્યક્તિ ગાડીમાંથી કાપડની ૧૮ ગાસડીઓ કુલ કિંમત રૂપિયા ૩,૫૧,૭૧૪/- મતાની ચોરી કરી લઇ ગઇ છે. આ અંગેની ફરીયાદ સેલ્વરાજ રેડીયારે તા.૧૦/૫/૧૫ નારોજ વટવા પોલીસ સ્ટેશન ખાતે નોંધાવી છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી એચ.સી.ઝાલા ચલાવે છે.

<u>વાહનચોરી :-</u> <u>સમાચાર યાદી નં.૯૫૫/૧૫</u>

ચાંદખેડા : ઉદયનારાયણ મુલચંદભાઇ દુબેદી (રહે : અલકાપુરી રો હાઉસ, મોટેરા સ્ટેડીયમ પાસે, ચાંદખેડા) એ તા.૯/૫/૧૫ સાંજનાં ૭/૩0 વાગ્યાના સુમારે પોતાના ઘર નજીક પોતાની ઓટોરીક્ષા નંબર જીજે.૦૧.સી.વી.૯૬૭૭ કિંમત રૂપિયા ૫૫,000/- પાર્ક કરી હતી. જેની ચોરી તા.૧૦/૫/૧૫ સવારનાં ૬/00 વાગ્યા દરમ્યાન થઇ હતી. આ અંગેની ફરીયાદ ઉદયનારાયણ દુબેદીએ ચાંદખેડા પોલીસ સ્ટેશન ખાતે નોંધાવી છે. આ ગુનાની તપાસ હે.કો.શ્રી મહેશભાઇ મગનભાઇ ચલાવે છે.

નરોડા : મનીષભાઇ લક્ષ્મણદાસ મેલવાણી (રહે : ગુ.હા.બોર્ડ, કૃષ્ણનગર, નરોડા) એ તા.૭/૫/૧૫ રાતનાં ૧૧/00 વાગ્યાના સુમારે પોતાના ઘર નજીક આવેલ અમુલ પાર્લર પાસે, પોતાની મારૂતી ઝેન કાર નંબર જીજે.૦૧.એચ.સી.૫૨૮૧ કિંમત રૂપિયા ૭૫,000/- પાર્ક કરી હતી. જેની ચોરી તા.૮/૫/૧૫ સવારનાં ૧૦/૩0 વાગ્યા દરમ્યાન થઇ હતી. આ અંગેની ફરીયાદ મનીષભાઇ મેલવાણીએ નરોડા પોલીસ સ્ટેશન ખાતે નોંધાવી છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી જે.કે.રાઠોડ ચલાવે છે.

<u>આત્મહત્યા :</u> <u>સમાચાર યાદી નં.૯૫૬/૧૫</u>

એલીસબ્રીજ : સુનીલભાઇ કમલભાઇ સંતાની (ઉ.વ.૩૨)(રહે.સૃષ્ટી એપાર્ટમેન્ટ, એલ.જી.કોર્નરની બાજુમાં, મણીનગર) એ કોઇ અગમ્ય કારણોસર તા.૧૦/૫/૧૫ નાં કલાક ૧/૩૫ વાગ્યા પહેલાં કોઇપણ સમયે એલીસબ્રીજ ઉપરથી સાબરમતી નદીમાં કુદી જઇ આત્મહત્યા કરી લીધી હતી. આ અંગે એલીસબ્રીજ પોલીસે અકસ્માત મોત નોધી, આ અંગેની તપાસ હે.કો.શ્રી અરવિંદભાઇ રમણભાઇ ચલાવે છે.

અમરાઇવાડી : રેખાબહેન હિતેષભાઇ મકવાણા (ઉ.વ.૨૮)(રહે.આંબેડકરનગર, પ્રગતીનગરની પાસે, અમરાઇવાડી) એ તા.૧૦/૫/૧૫ સવારનાં ૯/00 થી ૯/૪૫ વાગ્યા દરમ્યાન કોઇપણ સમયે પોતાના ઘરે કોઇ અગમ્ય કારણોસર પોતાની જાતે કેરોસીન છાંટી, સળગી જતાં, શરીરે ગંભીર રીત દાઝી જતાં, તેમનું મૃત્યુ નિપજ્યુ હતુ. આ અંગે અમરાઇવાડી પોલીસે અકસ્માત મોત નોધી, આ અંગેની તપાસ મ.સ.ઇ.શ્રી રમેશચંદ્ર સામતસિંહ ચલાવે છે.

વસ્ત્રાપુર : તુષાર રમેશભાઈ વાઘેલા (ઉ.વ.૨૪)(રહે, શ્રીનંદનગર વીભાગ-૪, વેજલપુર) એ તા.૧૦/૫/૧૫ બપોરનાં ૧૨/૦૦ વાગ્યાનાં સુમારે લાડ સોસાયટી રોડ ઉપર આવેલ હિલોલ કોમ્પલેક્ષ, દુકાન નંબર ૭ માં કોઇ અગમ્ય કારણસર પંખા સાથે પ્લાસ્ટીકની દોરી બાંધી, ગળેફાંસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે વસ્ત્રાપુર પોલીસે અકસ્માત મોત નોધી, આ અંગેની તપાસ હે.કો.શ્રી સરફરાજખાન ગુલાબખાન ચલાવે છે.

(ઇ.ચા.)નાયબ પોલીસ કમિશનર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી.